
# સંતશ્રી ગાડગે મહારાજની દયાવૃત્તિ એમની પ્રિય ધૂન ‘ગોપાલા ગોપાલા, દેવકી નંદન ગોપાલા

## ધર્મ દર્શન

**બાળકૃષ્ણ વડનેરે**

સૌરાષ્ટ્ર ભૂમિ ગુજરાતના મહાન સંતશ્રી જલારામ બાપાએ અન્નદાનનું મહત્વ જાણીને પવિત્ર સ્થાન વીરપુરમાં અન્ન છત્ર શરુ કર્યું અને આજ સુધી યાત્રિકોને ત્યાં ભોજન પ્રસાદી મળે છે. પરમ પૂજય રંગ અવધૂત બાપજીએ નારેશ્વર તપોભૂમિમાં અન્નછત્ર શરૂ કર્યું અને ભાવિકો દર્શનાર્થી ભોજન પ્રસાદી ખાઈને તૃપ્તતા અનુભવે છે. અને મહારાષ્ટ્રમાં શ્રી ગાડગે મહારાજનું અન્ન છત્ર પ્રસિધ્ધ છે. શ્રી ગાડગે બુવાની કથા બહુ જ રસવંતી છે. તેઓ નાસિક તીર્થ ક્ષેત્રમાં આવ્યા ખરા પર કયાંથી અને કેમ? કોઈને ખબર નહીં. નાસિક તીર્થ ક્ષેત્ર અને સિંહસ્થ મેળો ભરે તે પવિત્ર સ્થાનક, દક્ષિણ ગંગા, ગૌતમી ગોદાવરીના રામકુંડ અને અસ્થિકુંડમાં અસ્થિ પધરાવવા અને પિંડદાન કરવા રોજ જ સેંકડો યાત્રાળુ આવે છે એટલે ત્યાં નદી કિનારે અને પરિસરમાં અનેક ભિક્ષેકરીઓની ગીરદી હોય, સાધુ સંન્યાસી ફરતા હોય છે. ભાવિકોની દાન-ધર્મ વૃત્તિના લીધે અનાથ, નિરાશ્રિત, ભિખારીઓનું પેટ ભરે એ વાત સાચી પણ જે ભિક્ષુક માંદા છે, અપાહીજ છે, રોગી છે. મહારોગથી પીડીત છે એવો મોટો વર્ગ નાસિક વાસીઓનું મોટું દુઃખ હતું. અને ગાડગે બુઆ તેમના માટે જ નાસિક પધાર્યા એવું લાગે છે. આપણે મટકું કે મટકા કહે તો તે પ્રાન્તમાં માટીના વાસણને ગાડગું કહે છે તેમાં જ દાળ, ભાત, ભાજી બનાવે. એ ઉપરથી ફુટેલુ ભાંગેલું ગાડગું હાથમાં લઈને ફરવાવાળા સંત હતા. ગાડગે બુઆ કમર પર બજમરક્ષણાર્થ બાંધેલી ગોદડીની લુંગી, શરીર પર ફાટેલી બંડી અને માથા પર પેલું ગાડગું. જાણે સાહેબી હેટ કે ટોપી અને ખુલ્લા પગે ચાલે. નાસિકની ગલી ગલીએ ફરીને તેઓ શોધ કરે. ગરીબ, નિરાશ્રિત અને મહારોગી માણસોની અને જે મળે તેને તેડીને લઈ જાય પોતાના મઠમાં પેટનો ખાડો પુરવા. ગોદાવરી નદીના કિનારે આસરાની વેશયી આગળ રસ્તો જાય છે. ટાળકુટેશ્વર શિવ મંદિર પાસેના સ્મશાનભૂમિ તરફ. ત્યાં જ સામે ફકત માટીની એક ભવ્ય ટેકરી છે. તેને જ ગાડગે બુઆની મઢી કહેવાય છે. ત્યાં જ બાજુમાં ગાડગે બુઆનો મઠ આશ્રમ છે. એક નાનકડું ઘર જેવું છે. ત્યાં રસોઈ બનાવવાની વ્યવસ્થા કરી રાખી છે. શ્રી ગાડગે બુઆ અન્નદાનમાં માનનારા સિધ્ધ પામેલા સંત હતા. જુવાર, બાજરીના લોટની જાડી જાડી ભાખરી અને બટાકા રિંગણાનું શાક ગરીબ ભિક્ષુકોને, અપંગોને અને મહારોગીઓને ખવડાવાનું અન્નદાનનું પુણ્યનું કામ શ્રી ગાડગે બુઆ રોજ કરતાં હતાં અને માથા પરના માટીના વાસણમાં ગાડગામાં જ પોતે બધા સાથે શાક ભાખરી આરોગતા હતા.

આ અન્નદાનની પરંપરા જોઈને બધા ગાડગે બુઆને શ્રી ગાડગે મહારાજ નામથી ઓળખવા લાગ્યા. મહારાજ કયારે મરચી મસાલો કે અનાજ પાણી મેળવતા હતા એ કોઈને જ ખબર નથી. પણ મઠના દ્વાર પર ભિક્ષુકોની જમવા માટે કતાર લાગે છે અને તેઓ તૃપ્ત થઈ જાય છે. પેટ ભરીને ભોજન કરે છે. આજે નાસિકના મઠ સાથે જ મુંબઈ,



પંઢરપુર, ત્રયંબકેશ્વર આદિ તીર્થસ્થાનો પર ગાડગે મહારાજના મઠો સ્થાપિત છે અને મહારાજના સાધકો મહારાજની આજ્ઞાને માન આપીને સમાજ કલ્યાણના કામો, શિક્ષણ ક્ષેત્રના કામો, સ્વચ્છતા અભિયાન કામો કરવામાં વ્યસ્ત રહે છે. ગોપાલા ગોપાલા, દેવકીનંદન ગોપાલા મહારાજની પ્રિય ધૂન છે. એ ગાતા ગાતા મહારાજ સમાજના દુઃખો મટાડે છે. મહારાજ સ્વચ્છ શુધ્ધ મનના નિર્મોહી, નિરેચ્છ, પરોપકારી દીનદયાળુ હતા. મહારાજ ઘર ઘરમાં સુખ આનંદ અને પ્રેમ વહેતું કરનારા હતા. એમને મળનારા જોડે મહારાજ વાત કરે ત્યારે આનંદ થાય. વયસ્ક માતાને પુછે. મા! તમને વહુ કેટલી? અરે વા. તો એ બંને રિધ્ધિ સિધ્ધિ છે. તેમને પ્રેમ કરો. તમને સદગતિ મળશે. છોકરાઓની પ્રગતિ થશે. સુહાસીનીને પુછે, તમને સાસુ સસરા છે ને? તો એમને મા-બાપ સમજો. તમારો પતિ તમને મહારાણી બનાવશે. વિદ્યાર્થિઓને કહે બાળકો! ખૂબ ભણો, મોટા જ્ઞાની બનો. સમાજના આધાર બનો. આડોસી પાડોસીને મદદરૂપ થાવ. ગુરુની મા બાપની આજ્ઞા પાલન કરો, સેવા કરો. સેવકોને કહે બંધુઓ

> **ગોપાલા ગોપાલા, દેવકીનંદન ગોપાલા મહારાજની પ્રિય ધૂન છે. એ ગાતા ગાતા મહારાજ સમાજના દુઃખો મટાડે છે. મહારાજ સ્વચ્છ શુધ્ધ મનના નિર્મોહી, નિરેચ્છ, પરોપકારી દીનદયાળુ હતા**

પ્રમાણિક રહો. દેશનિષ્ઠ બનો. દેશ બધાની માતા છે. તેનું સંરક્ષણ આપનું કર્તવ્ય છે. ગાય માતા છે તેનું પૂજન કરો. અહિંસા ખરો ધર્મ છે. શાંતિ ખરૂ તત્વ છે. આસ્તિકતા સાચો ગુણ છે. નારી દેશનું સૌભાગ્ય છે. વડિલો દેશની મૂડી છે. સાધુતા, સજ્જનતા, સંતવાણી આપણું તેજ છે. શ્રી ગાડગે મહારાજ વિરલ માનવી દેશના સાચા રૂપમાં માનવ સેવક હતા. એ સ્વર્ગીય ગાડગે મહારાજને શત શત વંદન. ગોપાલા ગોપાલા દેવકી નંદન ગોપાલા.


# કુંજ વિહારી કૃષ્ણ

## પંચામૃત

**નીલાક્ષી પરીખ**

ભગવાન તો કુંજ વિહારી છે, વૃંદાવન વિહારી છે ને! હવે વૃંદાવન જ રહેવા દીધા નહીં, વૃંદાવન વિહારી વિહાર કયાં કરે? વન્ય સંપત્તિથી વિભૂષિત છે ભલે, સોનારૂપાનાં દાગીના પહેરાવો ઠાકોરજીને હવેલીમાં, મંદિરમાં પણ ભાગવતમાં એવું વર્ણન નથી આવ્યું. ભાગવતમાં તો -‘બર્હાપીડમ્ નટવર વપુઃ કર્ણયોકર્ણિકારમ્ | બિભ્રદ વાસઃ કનક કપિશં વૈજયન્તીં ચ માલામ્ ||’ વર્ણન છે- મોરપીંછનો મુગટ છે, વૈજયંતી માળા છે, કાનમાં કરેણના ફૂલ છે. કયાં આમાં સોના-રૂપાના દાગીનાની વાત આવી? વન્ય સંપત્તિથી વિભૂષિત છે. દરેક વૃક્ષ, દરેક છોડ, દરેક ફૂલ-છોડ પર લાગેલું પ્રત્યેક ફૂલ ત્યાંથી જ પ્રભુને સમર્પિત છે. જો દષ્ટિ હોય ઊંડાણથી જોઈ શકો તો. પ્રકૃતિનો વિનાશએ માનવજીવનમાં પેઠેલી વિકૃતિ છે. સંસ્કૃતિ તો પ્રકૃતિનું પૂજન કરવાનું કહે છે. પાદપૂજા-ચરણપૂજા તો થાય પણ ચરણ પાદુકાની પૂજા આ દેશમાં થાય અને એ પાદુકા પ્રેરણા આપતી રહે. કોઈએ હમણાં પ્રશ્ન કરેલો કે ગુરુનું સદેહે હોવું અનિવાર્ય છે? જરૂરી છે? ગુરુ વિના તો ‘બિન ગુરુ હોઈ કી જ્ઞાન, જ્ઞાન કી હોહિ

> **કપાસિયા છૂટાં થાય એની પૂણી બને. તેમાંથી ધાગા બને તાણા-વાણાને ઊભા-આડા ગોઠવી કપડું તૈયાર કરવામાં આવે દરજી એને કાતરથી માપ પ્રમાણે કાપે પછી સોય-દોરો લઇ સીવે. આટ-આટલું સહન કરે પછી કામ શું કરે ? મારા અને તમારા છિદ્રોને ઢાંકવાનું એમ સંત સ્વયં સહન કરે. અને અન્યના છિદ્રને ઢાંકે. ‘સહેતા-સહેતા હસે અને હસતા-હસતા સહે તે સંત’**



બિરાગ બિનુ ગાવહિં બેદ-પુરાન સુખ કી લહઈ હરિ ભગતિ બિનુ’ ગુરુ વિના જ્ઞાન નહીં પણ ગુરુનું સદેહે હોવું અનિવાર્ય છે? અત્યારે જેટલી વ્યક્તિઓ છે તેમાં ભાવ ન થાય. દા.ત. રામકૃષ્ણ પરમહંસ જેવા ગુરુ હોય અત્યારે તો સદેહે એ હાજર નથી. એમને ગુરુ કરવા હોય તો કરી શકો? બીજા અર્થમાં ગુરુનું સદેહે હોવું જરૂરી છે? કથાઓના માધ્યમથી ચિંતન-મનન કરતાં લાગે છે કે એવી કોઈ આવશ્યકતા નથી. જો આપ પૂર્ણભાવ થી રામકૃષ્ણ દેવને સમર્પિત થાવ તો ભીતરથી જ આપને પ્રેરણા મળતી રહેશે. દષ્ટાંત એકલવ્ય આવ્યો છે દ્રોણ ગુરુ પાસે એ ક્ષત્રિય નથી માટે ગુરુએ એને ભણાવવા ઈન્કાર કર્યો. તે ટીકા પાત્ર હોય એ મુદ્દો રહેવા દઈએ પણ શિષ્ય તરીકેની યોગ્યતા એકલવ્ય છે. તેથી દ્રોણ ગુરુના ઈન્કાર છતાં એકલવ્યની નિષ્ઠાને ઉની આંચ આવી નથી. એણે માટીની મૂર્તિ તૈયાર કરી દ્રોણ ગુરુની અને પછીએ શીખતો રહ્યો. ભીતરથી પૂર્ણ સમર્પિત હતો, પૂર્ણ નિષ્ઠા હતી ગુરુમાં અને તેથી પેલી માટીની મૂર્તિ પણ પ્રેરણા દેતી રહી! તે બાણાવળી તો એવો બન્યો કે અર્જુન કરતાં ય શ્રેષ્ઠ! પેલો કૂતરો ભસતો હતો એને બાણ મારી-મારી ઓપરેશન કરી જેમ ડોકટર ટાંકા મારી દે તેમ કૂતરાનું મોઢું સીવી દીધું! પછી તો પ્રસિદ્ધ વાત છે કે બધાને ખબર પડી કે આવો શ્રેષ્ઠ બાણાવળી! એકલવ્ય છે. એકલવ્યે આવી દ્રોણ ગુરુને વંદન કર્યા. દ્રોણ ગુરુએ પૂછ્યું-તારા ગુરુ કોણ? કહ્યું- બાપજી, આપ જ મારા ગુરુ છો. મેં તો શીખવાડયું નથી. તો કહે- ભલે, આપે શીખવાડયું નથી- હું આપની પાસે આવ્યો. આપે ના પાડી છતાં આપ મારી સાથે જ છો. માટીની મૂર્તિ બતાવી કે આપ મને પ્રેરણા દેતા રહ્યા છો. દ્રોણ ગુરુ એ કહ્યું- સરસ, તું શ્રેષ્ઠ બાણાવાળી થયો. જો તું મને ગુરુ માનતો હોય તો મને ગુરુ દક્ષિણા આપવી જોઈએને? શું આપું? જમણો અંગુઠો માંગ્યો એકલવ્યે તરત કટાર કાઢી જમણો અંગુઠો કાપીને ગુરુને ચરણે ધરી દીધો ત્યાર એમ વિચાર ન કર્યો કે હવે હું અપંગ થઈ જઈશ. આટલો શ્રેષ્ઠ બાણાવળી પણ ન વિચાર્યું કે અંગુઠો જ ન હોય તો પણછ કઈ રીતે ખેંચીશ? બાણ કેવી રીતે ચઢાવીશ? આ એની ગુરુનિષ્ઠા છે! એ સંપૂર્ણ સમર્પિત છે શિષ્ય તરીકેની સંપૂર્ણ યોગ્યતા છે. સદેહે તેની સાથે દ્રોણ ગુરુ ન હતા છતાં શ્રેષ્ઠ બાણાવળી બન્યો! આપણે યોગ્ય શિષ્ય બનવાનું છે. જો અધિકારી શિષ્ય બનીએ અને પૂર્ણ નિષ્ઠાથી સમર્પિત થઈએ તો ગુરુ તત્વ ભીતરથી પ્રેરણા આપતું રહેશે. તો પાદુકાની પૂજા. સંત ભરત 14 વર્ષ સુધી શાસન કરે. ગુરુની વંદના, ગુરુના ચરણની વંદના, ગુરુ ચરણરજની વંદના અને પછી બ્રહ્મને જાણનાર બ્રાહ્મણોની વંદના કરી.

‘બંદઉ પ્રથમ મહીસુર ચરના,
મોહજનિત સંશય સબ હરના.
સુજન સમાજે સકલ ગુન ખાનિ,
કરઉં દ્રનામ સપ્રેમ સુબાની’

પૃથ્વી પરનાં દેવતાઓ એવા બ્રાહ્મણોની વંદના કરી ‘બ્રહ્મને જે જાણે તે બ્રાહ્મણ’ જન્મથી જ નહીં એના કર્મથી બ્રાહ્મણ ‘કર્માત દ્વિજ ઉચ્ચતે’ બે વાર જેનો જન્મ થાય તેને દ્વિજ કહેવાય. કર્મથી બીજીવાર જન્મ થાય. જેણે પોતપોતાની જાતને જન્માવી એ જન્મ-મૃત્યુના ચક્કરથી મુકત થઈ જાય. એક જન્મ માએ આપ્યો. સજ્જનોના સમાજને ગોસ્વામી પહેલાં વંદન કરે છે. સંતોની વંદના કરતા ગોસ્વામીજીએ ઉપમા આપી. ‘સાધુ ચરિત શુભ ચરિત કપાસૂ’ મોગરાની નહીં, ગુલાબની નહીં પણ કપાસનાં ફૂલની. તડકામાં ઊભુ હોય, ખેતરમાં એના ઝીંડવા ફાટી જાય, અને અંદરથી મોલ દેખાય. તેની ઉપમા આપી. જે નીરસ છે, સૂકું થયું હોય પછી એની અંદર રસ ન હોય. ડાઘા ડૂઘી વગરનું અને ધવલ તથા ગુણમય. તેમ સંતોના જીવનમાં વિષમરસ નથી હોતા. વાસનાનો રંગ નથી હોતો. એ અર્થમાં સંતોનું જીવન નીરસ છે, નિષ્કામ છે અન્યનાં કલંકને માથે ઓઢી લે. કયારેક તો એનાથી વધારે વિશુદ્ધ થાય. ડીસન્ટ ગુણમય છે કેવું?

‘જો સહી દુઃખ પરછિદ્ર દુરાવા|
બંદનીય જેહિ જગ જશ પાવા ||’ જે સ્વયં દુઃખ સહી અન્યનાં છિદ્રને ઢાંકે. કપાસ મિલમાં જાય, કપાસિયા છૂટાં થાય એની પૂણી બને.

તેમાંથી ધાગા બને તાણા-વાણાને ઊભા-આડા ગોઠવી કપડું તૈયાર કરવામાં આવે દરજી એને કાતરથી માપ પ્રમાણે કાપે પછી સોય-દોરો લઈ સીવે. આટ-આટલું સહન કરે પછી કામ શું કરે ? મારા અને તમારા છિદ્રોને ઢાંકવાનું એમ સંત સ્વયં સહન કરે. અને અન્યના છિદ્રને ઢાંકે. ‘સહેતા-સહેતા હસે અને હસતા-હસતા સહે તે સંત’

(શ્રી રમેશભાઈ ઓઝા (પૂ.ભાઈ)ના સત્સંગને આધારે)